

# સેંટ જોસેફ કેથોલિક દેવાલય, કરમસદ



## ❈ નાતાલ ભજનો ❈

### ❖ પ્રવેશ ગીત ❖

**(૧) પેજ નં. ૧૨૧ (G-૮)**

અંધારા ભેદાઈ ગયાં ને ઝળહળી ઉઠી રાત,
તારાનાં ટોળાંઓ માંહે તરવા લાગી રાત.
આજે જન્મ્યો તારણહારો, પ્રાચીમાં થયો તારાનો ઝબકારો.
આજે જન્મ્યો તારણહારો....
પંથ ભૂલ્યાંને કાજે એ તો પૃથ્વીને પટ આવ્યો,
માનવજાતને કાજે એ તો પ્રીતસંદેશો લાવ્યો.
બાળ થઈને પોઢ્યો અહીં બ્રહ્માંડનો સર્જનહારો...રે...
આજે જન્મ્યો તારણહારો....
અજંપ ઉરને શાતા દે, એનું દર્શન મંગલકારી,
નવજીવન દે સહુને એ તો, પાતક સઘળાં બાળી,
નામ રટી રટી પ્યારું એનું અજવાળો જન્મારો...રે...
આજે જન્મ્યો તારણહારો....
અનુપમ ચહેરે તેજ વિલસતું, ધન્ય થઈ તૃણશય્યા,
પ્રેમ થકી પ્લાવિત હૃદયથી નીરખી રહેતી મૈયા,
સ્વર્ગ મહીંથી દૂતો રેલે ગીત-આનંદ ફુવારો...રે...
આજે જન્મ્યો તારણહારો....

**(૨) પેજ નં. ૧૨૩ (G-૧૦)**

અંધારે આથડતા લોકોએ ભાળ્યું કે,
તેજે ઝળુંબ્યું આકાશ.
મૃત્યુની છાયામાં વસનારા લોકો પર
ઊગ્યો રે, ઊગ્યો પ્રકાશ.
દુનિયા પર ફેલાયા એના ઉજાસ,
માનવ-માનવ મહીં પ્રગટાવી આશ,
પરમ શબ્દે ધર્યું કાયાનું રૂપ,
અંધારે ઝગ્યા કરે તેજ એ અનુપ
ઈશ્વરના મહિમાના ફેલાયાં નૂર,
દૂતો આનંદ કેરા રેલાવે સૂર,
ગભાણે પોઢેલું દિવ્ય એ બાળ,
આવ્યો તારણહારો સૌની વચાળ.
તેજ તેજ ઝળક્યું શું અંધારું ઘોર,
મધરાતે છાઈ જાણે રૂડી બપોર,
મહિમા ઈશ્વરનો પરમ ધામે આજ,
પૃથ્વી પર શાંતિનું ફેલાઓ રાજ.



**(૩) પેજ નં. ૧૨૪ (G-૧૧)**

અહો, કશી આ ઝળહળ ઝળહળ રાત,
પુણ્યનગર હે ! તારી ઉપર રહ્યો પ્રકાશી
પ્રભુ મહિમા સાક્ષાત્....(૨)
અંધારાં છે પૃથ્વી પર ઘેઘૂર
લોક આથડતાં, તિમિર છે ભરપૂર,
તારી ઉપર પ્રભુ મહિમા છવરાય
ઉદય પ્રભુનો તારી ઉપર થાય
જનગણ, જો, રાજા, મહારાજા સૌ
આવશે કોઈ ઝળહળ તારું પ્રભાત...અહો...
તારે આંગણ લોકમેળા ઉભરાયે,
તારાં સૌ સંતાનો ભેળાં થાયે
સૂર્યનગર હે ! હરખ તારો નવ માંયે
મલક-મલક તવ મુખ મીઠું મલકાશે.
લોક નિજની ધનસમૃદ્ધિ,
તારે ચરણે ધરશે ભેટસોગાત....અહો...

**(૪) પેજ નં. ૧૨૪ (G-૧૨)**

એક બાળક જન્મ્યો છે આજે,
શાંતિ ઉતારવા આવ્યો જગમાં,
શાંતિદૂત કહેવાશે.
આબાલ-વૃદ્ધજનો છે એક જ પિતાનાં સંતાન,
એક સાથ રે બાંધવા સૌને કર્યા અહીં ઉતરાણ,
વરુ ને ઘેટાં, સિંહ, વાછડાં સાથે રહેશે ફરશે,
સિંહ ગાયોમાં ભળી ભળીને એક સાથ વિચરશે...એક
હવે નહીં જોવા મળશે રે હિંસા ને ધિક્કાર,
તાતા તીરમાંથી સર્જાશે દાતરડાની ધાર,
તલવારોને ટીપી હળનાં ફળાં થશે તૈયાર,
ભાલાઓના થશે પાવડા, રઢિયાળાં ઓજાર...એક.

### ❖ દયાપોકાર ❖



**(૧) પેજ નં. ૩૭૫ (R-૨)**

દયા કરો, ભગવાન, દયા કરો ભગવાન...
વિશ્વનિયંતા પિતા પરમેશ્વર, સૃષ્ટિના સરજનહાર
બાળો તમારી દયા યાચે છે. (૨) દયા કરો...૧
માનવદેહી પુત્ર પરમેશ્વર, પાપીના તારણહાર,
દાસો તમારી દયા યાચે છે (૨) દયા કરો...૨
જીવનદાતા આત્મા પરમેશ્વર, માનવના આધાર
ભક્તો તમારી કૃપા યાચે છે. (૨) દયા કરો...૩

Sunita

(૨)

કરૂણા કરો હે કરૂણાનિધાન, માગું તમારી ક્ષમા ભગવાન....
પિતા પ્રભુ છો સર્જનહાર, માનવના તમે પાલનહાર (૨)
કરૂણા કરો હે કરૂણાનિધાન...
પુત્ર પ્રભુ જગના તારનાર, પાપીજનોના ઉગારનાર (૨)
કરૂણા કરો હે કરૂણાનિધાન...
પુનિત આત્મા કૃપા બક્ષનાર,
અંતરમાં શાંતિના સ્થાપનાર (૨)
કરૂણા કરો હે કરૂણાનિધાન...


(૩)

દયા કરો ભગવાન.... (૨) વિશ્વનિયંતા પિતા પરમેશ્વર
સૃષ્ટિના તમે સરજનહાર.... દયા કરો ભગવાન...
માનવદેહી પુત્ર પરમેશ્વર,
પાપીના તમે તારણહાર... દયા કરો ભગવાન...
જીવનદાતા આત્મા પરમેશ્વર,
માનવના તમે પ્રસાદદાતા.... દયા કરો ભગવાન...

## ❖ યશોગાન ❖

(૧) અધિવેશન ભજનાવલી (પેજ નં. ૨૧)


જયજગના સર્જનહાર (૨)
તારા મહિમાનો નહિ પાર (૨)
પૃથ્વી પર હો શાંતિ સુપાત્ર, ભક્તો તણા કલ્યાણ (૨)
રાજાધિરાજ સનાતન ઈસ હે (૨) શક્તિ તણા અવતાર
તારો સદાયે જયજયકાર...(૨) જય જગના...
પૂજન કરતાં નત મસ્તક, અંતર અમ છલકાય
દિવ્ય તમારો યશ વૈભવ આ, સ્તવન સ્વરે રણકાય
જડચેતન તવ ગુણ ગાય... (૨) જય જગના...
પાપનિવારક પરમઉદ્ધારક જગપાતક હરનાર
બલિમૂર્તિ હે કરૂણાસાગર, અમ કાજે મરનાર
અમ આર્જવના સુણનાર....(૨) જય જગના...
પરમપિતાની સમીપ બિરાજો, દીનજનના દાતાર
પુનિત સમર્થ આતમની સંગે, સાક્ષાત હે કરનાર
યુગયુગનો તું આધાર...(૨) જય જગના....



(૨) પેજ નં. ૧૩૯ (**G**-૩૬)

ગાઓ, જયગાન આજે, ગાઓ જયગાન
દૂતો સાથે ગાઓ, આજે જય જય ગાન...
સ્વર્ગમાંથી દેવ આવ્યો માનવીની પાસ;
દૂતોનો સ્વામી તે બન્યો અહીં નમ્ર દાસ..ગાઓ..૧
તજ્યું પ્રીતે સ્વર્ગ સરખું વૈભવ પૂર્ણ ધામ;
ધરી મનુદેહ તેણે સ્વીકારી ગભાણ...ગાઓ...૨
ગરીબી ધરીને દીધું ગરીબીને માન;
ગરીબાઈ કેરું લીધું તેણે સહુ જ્ઞાન...ગાઓ...૩
પીડાયેલાં દીન-દુઃખી, પાપીઓને કાજ;
ગરીબાઈ ગ્રહી તેણે ધરી નહીં લાજ...ગાઓ...૪
પતિતોને તારવાને કેવી કીધી રહેમ;
અધમો ઉદ્ધારવાને કેવો છે આ પ્રેમ !... ગાઓ...૫
ત્રાતા, અમે સહુ થઈને નમ્ર તું સમાન;
સ્મરી તારી પ્રીતિ અમે ગાઈએ જયગાન.ગાઓ..૬
આનંદી નાતાલ તમે સ્મરીએ એ રીત;
પ્રભુ ઈસુ તણું મન ધરીએ ખચીત...ગાઓ...૭

(૩) પેજ નં. ૩૭૬ (**R**-૩)




પરમધામે ઈશ્વરનો મહિમા થાઓ,
ધરતી ઉપર શાંતિ ઉતરી આવો,
પ્રભુના વ્હાલા ભક્તો ઉપર શાંતિ ઉતરી આવો....(૨)
હે નાથ સનાતન, રાજરાજેશ્વર,
શક્તિશાળી પરમપિતા પરમેશ્વર !
પૂજન કરતાં નમીએ તમારે પાય,
આભારથી આ અંતર અમ છલકાય
દિવ્ય તમારો વૈભવ શો મહાન !
સૌ ગાઈએ તમારાં ગુણગાન.... પરમધામે...
હે ઈશ્વરપુત્ર ઈસુ ભગવાન, બલિદાનમૂર્તિ દયાનિધાન !
જગત-પાપ સૌ તમે હરનાર, દયા કરી, કરો અમ ઉદ્ધાર.
જગત-પાપ સૌ તમે હરનાર, અમ વિનંતીનો કરી સ્વીકાર.
છો પિતા પાસ તમે બિરાજમાન,
દયા કરો હે ઈસુ ભગવાન....પરમધામે...
છો એક માત્ર તમે જ પવિત્ર,
છો એક માત્ર તમે જ સમર્થ,
પિતાને પુનિત આત્માની સાથ,
છો પરમેશ્વર તમે સાક્ષાત્....પરમધામે..



**Sunita**

## ❖ શાસ્ત્રપાઠ ❖



### (૧) પેજ નં. ૧૨૬ (G-૧૬)

ગામને છેડે ગભાણ માંહે જન્મ્યો છે એક બાળ
હાડ થીજાવે એવી ઠંડી રાત વહે સુનકાર.
મારીઆ માતા વ્હાલ કરે ને પિતા જોઈ હરખાય,
ઈશ્વરની આ રચના કેવી ! એ તો નહિ કળાય....૧

ઈશ્વર પુત્ર હોઈ શકે શું આવી ગંદી ગમાણે ?
ઊંચી મ્હેલાતો છોડી એ અહીંયા જન્મે શાને ?
ધનદોલતની રેલમછેલે કેમ જનમ ના લીધો ?
દીન-દુખિયારાં વચ્ચે શાને એણે નિવાસ કીધો ?.૨

ધનવાનોને ધન મળ્યું ને રાજાઓને સત્તા,
બળિયાઓને બળ મળ્યું, પણ ગરીબ ખાયે ખત્તા.
દીનદુખિયારાં શોષિતોનો કોઈ ન'તો આધાર,
સુખચેનને કાજ ટટળતાં, બની રહી લાચાર....૩
લોકોના વહેવારો કરતાં ઈશ્વરના પથ ન્યારા,
સુખી જનોને અંતરિયે ના હોય પ્રભુના ધખારા,
શોષિત પીડિત ઝંખે પ્રભુને, ઝંખે તારણહારો,
પ્રભુ ઈસુ છે દીનદુખિયાંનો, કેવળ એ જ સહારો...૪

### (૨) પેજ નં. ૧૩૩ (G-૨૫)

જય જય ઈસુ દયામય સ્વામી...(૨)

સ્વર્ગનું સુખ તે છોડી દીધું માનવ દુઃખ નિહાળી
નભથી ઉતરી જગમાં આવ્યો, છેક થયો તું ખાલી;..૧

માતા મહિયમ કૂખે જન્મ્યો, માનવદેહ તું ધારી;
ગભાણ માંહે પોઢી વ્હાલા કોમળ કાયા તારી;...૨

તું ધનવાન છતાં નિર્ધન થઈ આવ્યો આ જગ માંહી;
સ્વર્ગભુવનનો રાજકુંવર તું દીનતા શાને ગ્રાહી ?...૩



### (૩)

પ્રભુનો હોજો જયજયકાર (૨)
ખુશાલી કેરો શુભસંદેશો લાવ્યો હું તમ કાજે,
તમારા મુક્તિદાતા ઈસુ જન્મ્યા છે રે આજે....
પ્રભુનો હોજો જયજયકાર (૨)



## ❖ અર્પણ ❖

### (૧) અધિવેશન ભજનાવલી (પેજ નં. ૨૮)

આવું તવ ચરણે, દેવા મારું દાન
મારું મારું હું કરું, મારું નથી ભગવાન... આવું...

હું નથી મારો, કશું નથી મારું, અર્પણમાં હું શું ધરું
જીવનની આ ભેટ અનોખી, તારી છે તુજને દઉં
પ્રેમકૃપા બસ તારાં દેજે, ગાતો રહીશ હું ગાન...આવું...

હૈયું ઝંખે જોવા તુજને, હે પ્રભુ તુજને મુજને
ક્યારે થાશે દર્શન તારાં, અબુધ એવા મુજને
કેવળ તુજમાં સમાઈ જાઉં, એટલું મુજ બલિદાન...આવું..



### (૨)

અંજલિ મારી સ્વી...કારો..., અંજલિ મારી સ્વીકારો,
જે કાંઈ મારું સઘળું અર્પું....(૨)
સ્વીકારી પ્રસન્ન થાઓ... અંજલિ...
કુમળા સુગંધી કુસુમો ધરું તો પળમાં તે કરમાય...
જગમાં પૂજાતા ધનને ધરંતા મનડું આ શરમાય
દીલ રંક મારું તુજને અર્પું...(૨)...
સ્વીકારી પ્રસન્ન થાઓ... અંજલિ મારી..
રોટીને આસવ સાથે તમ ચરણે હે પ્રભુ ...
મુજ હૈયાના અરમાનો ધરી વિનવું હે પ્રભુ
સ્પર્શ કરી, ધન્ય કરી....(૨)...
સ્વીકારી પ્રસન્ન થાઓ... અંજલિ...




### (૩)

સઘળું તારું છે ભગવાન....(૨)
તારું તુજને ધરીએ દાન...(૨)
આ રોટીને વેદીએ મુકીએ, ઈસુનુ શરીર થાયે રે...
ભૂખ્યાઓની ભૂખ ભાંગે... (૨)
આવીએ પ્રભુની પાસે રે... (૨)....સઘળું તારું છે...
પ્રતિક જીવનદાન વેદીએ મુકીએ,
જીવન સાર્થક થાએ રે....(૨)
સોળે કળાએ ખીલવાને...(૨)
આવીએ પ્રભુની પાસે... સઘળું તારું છે ભગવાન....
આસવનો પ્યાલો વેદીએ મુકીએ
ઈસુનુ લોહી થાયે રે (૨)... સઘળું તારું છે ભગવાન..
તરસ્યાઓની તરસ છીપે...(૨)
આવીએ પ્રભુની પાસે રે... (૨)...સઘળું તારું છે

## ❖ આભાર સ્તોત્ર ❖

પાવન પાવન પાવન ઈશ્વર
સ્વર્ગ મહિમા દિખાતા તેરી....(૨)
સ્તુતિ તવ ગાતી પૃથ્વી સારી....(૨)
જય જય જય પ્રભુ જય હો તેરી...(૨)
પાવન પાવન પાવન ઈશ્વર........

પવિત્ર પવિત્ર હે સ્વર્ગમાના નાથ રે...(૨)
સ્વર્ગમાંના હાથ હે, વસુંધરાના દેવ રે...
પવિત્ર પવિત્ર હે સ્વર્ગમાંના નાથ રે...(૨)
ધન્ય ધન્ય હોજો પ્રભુનો અવતાર રે...(૨)
જય જયકાર હોજો પ્રભુનો આજ દિન રે...(૨)



## ❖ પ્રભુ પ્રાર્થના ❖

(૧) પેજ નં. ૯૮ (E-૨)

પરમપિતા હે, પિતાજી અમારા,
સંતાન છીએ સહુએ તમારાં
હોજો તમારા નામનો મહિમા,
રાજ્ય તમારું વ્યાપો અહીંયા,
ઈચ્છા તમારી પરિપૂર્ણ હોજો,
સ્વર્ગ ધરા પે પરિપૂર્ણ હોજો.
ને રોજનો જે રોટલો અમારો,
આજેય અમને, પિતાજી આપો.
જે કો' અમારા અપરાધી હોયે,
તેને ક્ષમા જેમ દઈએ અમે તો
તેવી ક્ષમા, પ્રભુ અમનેય દેજો..(૨)
આવે પ્રલોભન જ્યારે પિતાજી,
થાવા ન દેશો પડતી અમારી
અનિષ્ટમાંથી અમને બચાવો.
અમને પિતાજી નિત્ય બચાવો..
મહિમા તમારો, સત્તા તમારી...
રાજાધિરાજા પરમપ્રતાપી



(૨)

હે અમારા બાપ રે, સ્વર્ગીય પિતાજી રે
આભ અને ધરતીમાં, તારું રાજ્ય આવો રે...(૨)
હે પૂરણહારા રે, હે જીવનદાતા રે
તુજ અમને રોજનો રોટલો પુરજે રે...(૨)
હે અંતરયામી રે, જીવતી જાગતી જ્યોતિ રે...
તુજ અમને માંયલા વેરીની બચાવ રે...(૨)
ને જેમ અમને અમારા, વાંક ગના ખમીએ
તેમ તું અમારા વાંક ગના ગળજે રે....(૨)
હે પ્રેમાળ પિતા રે, ત્રણેય લોકના બાપ રે...
તારો જય જય કાર યુગે યુગે ગાયો રે... (૨)



## ❖ પરમપ્રસાદ ❖


(૧) પેજ નં. ૧૫૫ (G-૬૦)

તારલિયાના તેજે હું તો ઝબકીને જાગી
ઓ....મસીહા....ઓ....રે....ઓ....મસીહા...

તારી પ્રીતના મૂલ શેં કરવાં,
હૈયાનાં હીરને ચરણોમાં ધરવાં....હો...હો...હો... (૨)
મેં તો મીઠી મીઠી નીંદરું ત્યાગી....(૨)
ઓ....મસીહા....ઓ....રે....ઓ....મસીહા...
તારલિયાના તેજે હું તો ઝબકીને જાગી...

પાનખર હતી જ્યાં વસંત પાંગરી,
દર્શન કાજે આજ બની હું બાવરી....હો..હો...હો...(૨)
મારા રોમે રોમ પ્રીત રેલાવા લાગી...(૨)
ઓ....મસીહા....ઓ....રે....ઓ....મસીહા...
તારલિયાના તેજે હું તો ઝબકીને જાગી...

પાવન થવાને આવી તારા ચરણમાં,
આશિષ દઈ દે તું તારા શરણમાં...હો...હો...હો...(૨)
કિરણ કટારી, કાળજામાં વાગી....(૨)
ઓ....મસીહા....ઓ....રે....ઓ....મસીહા...
તારલિયાના તેજે હું તો ઝબકીને જાગી...





(૨)

ચરવાહે નાચે ઝુમકે...ઓ....ઓ... (૨)
આજ સભી ગા રહે, સૂર મિલા રહે...(૨)
મિલકે કરે વંદના....ઓ...ઓ.... ચરવાહે...
રાજા કા જન્મ હુઆ પાઈ ખબર,
શાંતિ વો લાયા હમે ભૂ પર...(૨)
ઈશ્વર મનુષ્ય બના બાલ ઈસુ જન્મા....
આયા મુક્તિદાતા બનકર...(૨)...ચરવાહે....
હમકો સંદેશ મિલા દેવદૂત સે,
મરિયમને જન્મા બાલ ઈસુ
ઈશ્વર મનુષ્ય બના બાલ ઈસુ જન્મા....
આયા મુક્તિદાતા બનકર...(૨)...ચરવાહે....
માનવ કો ભેટ મિલી કૈસી અનમોલ
જિસકા દુનિયા મેં નહીં મોલ...(૨)
ઈશ્વર મનુષ્ય બના બાલ ઈસુ જન્મા....
આયા મુક્તિદાતા બનકર...(૨)...ચરવાહે....

(૩) પેજ નં. ૧૨૮ (G-૧૮)

આજ નાતાલ આવી, ચલો ગાઈએ...(૨)
આજની રાત રંગતભરી માણીએ....આજ નાતાલ...
મારીઆ માતને અવતર્યો બાળ રે, (૨)
ચૂમતી એ લિયે ખૂબ સંભાળ રે...(૨)
બાળના માનમાં ગાનમાં રાચીએ....(૨)
દર્શને ત્યાં જતાં સાથમાં નાચીએ....આજ નાતાલ આવી...
ચરણ એને લળી ભેટમાં શું ધરું ? (૨)
ફૂલ ગૂંથેલ કો' વસ્ત્ર એને ધરું ? (૨)
હું વિચારુંઃ ભલા, સાથમાં શું લઉં ? (૨)
ચાંદી-સોને ઘડ્યું કો' ઘરેણું દઉં ?...આજ નાતાલ આવી....
ભેટ એને કશી આવી ના જોઈએ...(૨)
ભેટમાં ભેટ, બસ પ્રેમની જોઈએ...(૨)
એટલા કાજ તો જન્મ એણે ધર્યો...(૨)
પ્રેમના પાઠ દેવા જગે અવતર્યો....આજ નાતાલ આવી...

(૪) પેજ નં. ૧૫૭ (G-૬૩)

આજ જન્મ્યો છે ઈસુરાય, લોક હૈયે હરખ ના માય...(૨)
એના હરખમાં શું શું વહેંચાય, લોક હૈયે હરખના માંય
એના હરખમાં પેંડા વહેંચાય, લોક હૈયે હરખના માય...
એના હરખમાં સાકર વહેંચાય, લોક હૈયે હરખના માય...
આજ જન્મ્યો છે ઈસુરાય,
લાડું વહેંચાય... પતાસા વહેંચાય...ગોળ વહેંચાય...

(૫) પેજ નં. ૧૩૫ (G-૨૯)

ચાલો જોવા જઈએ ઈસુ બાળને રે,
દેશે પ્રસાદનો ભંડાર... ચાલો...
સર્વે પાપીને કાજે તે અવતર્યો રે,
કરવા દર્શન સૌ આ વાર... ચાલો...
વા'લો સૂતો છે તુચ્છ ગભાણમાં રે,
થાઓ શાતા જગમોઝાર... ચાલો...
હાલો ગાએ કુમારી મા મારીઆ રે,
હૈયે હરખ તણો નહિ પાર... ચાલો...
કેવું કમળ જેવું દીસે મુખડું રે,
આંખે વહે છે દયાની ધાર... ચાલો...
પાપો કેરી માફી ઈસુ આપજે રે,
દાસો તણી અરજ સ્વીકાર... ચાલો...

(૬) પેજ નં. ૧૩૪ (G-૨૮)

પરમધામે હો પ્રભુને મહિમા
શાંતિ શુભેચ્છકો કાજ રે, જન્મેલા તારકને મહિમા...
ત્યાગી, સ્વર્ગીય સુખ જન્મ્યો પુત્ર પ્રભુ,
પાપીના તારણને કાજ રે... જન્મેલા....
ચાહ્યાં ના મ્હેલ, માળ, ઊંચા ઝરુખા,
ચાહ્યાં ના સંસારી રાજ રે.... જન્મેલા...
નાનેરા ગામ તણી નાની-શી પાદરે,
ગભાણ ચાહ્યું હોતાં રાજ રે... જન્મેલાં...
ગાઢા તિમિરે ઘેર્યું બેથલેહેમને,
કેવળ પરકાશ થયો ત્યાં જ રે... જન્મેલાં...
પોઢી પરમેશ જ્યોત શય્યામાં તૃણની,
રેજા વિણ બીજો ના સાજ રે... જન્મેલાં...

(૭) પેજ નં. ૧૨૬ (G-૧૫)

હરખઘેલા ભક્તો આવો, ચાલો બેથલેહેમ
રાજરાજેશ્વર અવતર્યો છે આજે,
ગભાણમાં પોઢ્યો છે વ્હાલો, ઝબકે જ્યોતિ જેમ.
જઈને એના દર્શન કરવા કાજે..... હરખે...
ચાલો, ચરણે પડીએ પ્રભુના ચરણે પડીએ.... (૨)
પહેલી પરથમ મળી વધાઈ, દીનજનોને ભાઈ
પોતાનું પશુધન છોડીને ત્યાં આવ્યા સૌ ધાઈ
ચાલો, ચાલો આપણે જઈએ.... (૨)
પડીએ મોડા કેમ... (૨) હરખે રે...
પરમપિતાનું તેજ સનાતન, કાયામાં ઝળહળતું.
વસ્ત્રે વીંટ્યો બાળ પરાત્મર એના દર્શન કરશું.
એ દીસે છે વાદળ ઓઢયો.... (૨)
સૂરજ સોહે જેમ... (૨)... હરખે...

(૮) પેજ નં. ૧૩૨ (G-૨૪)

પૂર્વાકાશે ઉજાસ જોઈ ઉલ્લાસતા,
ભરવાડો સૌ ટોળાં માંહે ચાલતા.
હૈયે પ્રેમ ને હૂંફ લઈને એ પળે,
એ જ એમની ભેટો, બીજી શી ધરે ?...૧
વસ્ત્રે વીંટ્યા બાળકને લઈ વ્હાલથી
માતા પાન કરાવે, મુખડે ચૂમતી...૨
જન્મ્યો છે આ મુક્તિદાતા શું ખરે ?
એનું દર્શન તેજ ભરે સૌ અંતરે...૩
દીનદલિત, પીડિત, દુખિયારાં, આંધળાં
રાંકજનો, શોષિતો, લૂલાં દૂબળાં...૪
જુએ, વિચરે તારણહારો આપણો !
મનમાં મીઠું મલકે હરખે સૌ જનો...૫
જેને ઈશ્વર કેરો છે સંગાથી રે,
સમર્થ એ તો થાયે નહીં મહાત રે... ૬

(૯) પેજ નં. ૧૩૭ (G-૩૩)

મારો પ્રભુ ઈસુજી અવતર્યો રે,
મુજ પાપીને તારણકાજ..
તુચ્છ ગભાણે પ્યારો પોઢિયો રે,
શાન્તિ થાઓ જગમાં આજ... મારો...
હાલા ગાએ માત મારીઆ રે,
હૈયા માંહે હર્ષ ન માય... મારો...
આકાશેથી દૂતો આવિયા રે,
વેણ પ્રભુનું પુરણ થાય... મારો...
દૂતે ભરવાડોને ખબર કહી રે,
જન્મ્યો રાય ખલકતો આજ.. મારો...
જઈએ, બાળો, નરને નારીઓ રે,
દર્શન કરતાં દઈ દાન... મારો...

(૧૦) પેજ નં. ૧૩૬ (G-૩૧)

વધામણી શુભ વધામણી,
જન્મ્યો જગતનો રાય...સારી વધામણી
સીમાડે વસતા ભરવાડ લોકે, સુણ્યો દૈવી પૈગામ...સારી
બેથલેહેમ કેરા ગભાણે આજે, જન્મ્યો તારણહાર...સારી
દેવદૂત આ સંદેશો જણાવે, આવ્યા બીજા અગણિત...સારી
હર્ષ આનંદથી ગીત સૌ ગાએ, પ્રભુને હો મહિમાય...સારી
પૃથ્વી પરના શુભેચ્છક જનોમાં શાંતિ થાઓ સૌ ઠામ..સારી
ઘાસશય્યામાં બાળને દીઠું, પાસે વળી માબાપ... સારી...
રાજધાનીમાં તારો છુપાયો, ગયા રાજનો ઘેર...સારી...

(૧૧) પેજ નં. ૧૨૨ (G-૯)

તમને તમને તમને સૌને આ છે શુભસંદેશ
જુઓ, તમારો તારણહારો,
આજ તમારે ગામ સીમાડે
જન્મ્યો લઈને બાળક વેશ....તમને....
તારા ભરેલી શીતળ રાતે,
આપી વધાઈ દેવદૂતોએ આભ ઝરૂખે
તમારો થઈને તમારે કાજે,
પ્રભુજી જન્મ્યો, તેજ તેજ શું ઝલકે મુખે,
દૂતો ગીતોનું ગુંજન કરતાં,
પરમધામમા ફરતાં એનો મહિમા ગાયે,
ધરતી ઉપર પ્રભુભક્તોનાં, ગરીબગુરબાંના
તનમાં મનમાં હરખ ન માયે.. તમને...૧
દૂર પૂર્વના દેશોમાંથી,
તારો જોઈને સત્ય શોધકો મળવા આવ્યા
"ક્યાં જન્મ્યો છે રાજ રાજેશ્વર ?"
પુરોહિતોને અને રાજાને પૂછવા લાગ્યા.
કિન્તુ જગના મોટા લોકો,
ડૂબી ગયા'તા ધનવૈભવને ભોગવિલાસે
દીન બાળકના વેશે પ્રભુને, ના પિછાણ્યા,
પ્હોંચી શક્યાં ના એની પાસે...તમને...૨
સત્ય પરાયણ નમ્ર જનોએ
એને ચરણે ઝૂકી ઝૂકી મહિમા કીધો,
દીનપીડિત દુઃખી લોકોએ,
કરીને દર્શન નિજ રાજાને સ્વીકારી લીધો.
ધરતી પરનાં રાંકજનોને,
ઈસુરાયનો શુભસંદેશો મળી ગયો રે
હૈયે શ્રદ્ધા ધરનારાને
પ્રભુરાજ્યનો ભવ્ય વારસો મળી ગયો રે... તમને...૩



(૧૨)

ઈસુ બાળને રમાડીએ, કુદાડીએ હસાવીએ
હાલો હાલો બાળક રૂપાળા
રૂપાળા બાળક તને કોણે જગાડ્યો
રૂપાળા બાળક તને ચૂમી લઈએ
મારીઆ માતને કરગરી, લઈએ બાળને પ્રેમ કરી,
બોખી તેને કરીએ, બાથમાં લઈને ફરીએ
હાલો હાલો બાળક રૂપાળા...
રૂપાળા બાળક તને કોણે જગાડ્યો

Sunita